# જિલ્લા શિક્ષણાધિકારી કચેરી, સુરત

એ-૩, જિલ્લાસેવાસદન-૨, અઠવાલાઇન્સ, સુરત

**Phone No: (0261) 2662902. Emailsuratdeo@gmail.com. Web – deosurat.org**


જા.નં.મા-૨/૨૦૨૬/10633

તા.૮/૦૮/૨૦૨૬

પ્રતિ,

અનુદાનિત આચાર્યશ્રી, એવોર્ડ વિજેતા શિક્ષકશ્રી, નિવૃત આચાર્યશ્રી-શિક્ષકશ્રી, NGO(શિક્ષણ) તમામ,

સુરત, જિ.સુરત.

વિષયઃ G-SQAAF (સ્કૂલ એક્રેડિટેશન) અંતર્ગત વેરિફાયર તરીકે કામગીરી કરવા ઉમેદવારોની નોંધણી કરાવવા બાબત.

સંદર્ભઃ GCERT, ગાંધીનગરના પત્ર ક્રમાંકઃ GSQAC/2026, તા.૦૫/૦૮/૨૦૨૬.

ઉપરોક્ત વિષય અને સંદર્ભ અન્વયે જણાવવાનું કે, રાષ્ટ્રીય શિક્ષણ નીતિ-2020 ની ભલામણો અનુસાર GCERT દ્વારા રાજ્યની શાળાઓના એક્રેડિટેશન માટે School Quality Assessment and Assurance Framework (SQAAF) તૈયાર કરવામાં આવેલ છે. તેના આધારે રાજ્યની શાળાઓનું સ્વ-મૂલ્યાંકન તથા બાહ્ય મૂલ્યાંકન હાથ ધરવાનું આયોજન કરવામાં આવેલ છે.

આથી વેરીફાયર તરીકે કામગીરી કરવા માટે રસ ધરાવતા શિક્ષણ નિરીક્ષક, આચાર્ય(વર્ગ-૨), આચાર્ય(HMAT), મદદનીશ શિક્ષણ નિરીક્ષક GCERT દ્વારા દર્શાવેલ લિંક પર નિયત સમયમર્યાદા(તા.૧૫/૦૮/૨૦૨૬ સુધી)માં પોતાની નોંધણી કરાવવાની રહેશે તેમજ અનુગામી તમામ સૂચનાઓનું પાલન કરવાનું રહેશે તેમજ આ બાબતને પ્રાધાન્ય આપી સમયમર્યાદામાં જરૂરી કાર્યવાહી કરવા વિનંતી.

સ્કૂલ એક્રેડિટેશન પ્રક્રિયા:

૧. શાળાઓ દ્વારા ઓનલાઈન સ્વ-મૂલ્યાંકનઃ તા. 17 થી 31 ઓગષ્ટ 2026

૨.બાહ્ય-મૂલ્યાંકનઃ સ્વ-મૂલ્યાંકન થયેલ શાળાઓ પૈકી મહત્તમ 33% જેટલી શાળાઓમાં વેરિફાયર્સના માધ્યમથી બહ્ય-મૂલ્યાંકન

૩. સ્કૂલ-એક્રેડિટેશનના પરિણામોનું પબ્લિક ડિસ્ક્લોઝર

**ઓનલાઈન અરજી કરવાની લિંક:**

**https://gsqac-frontend.gujaratvsk.org/verifier-registration**

**અરજી સ્વીકારવાની તારીખ: ૦૫/૦૮/૨૦૨૬ (બપોરના ૦૨:૦૦ કલાકથી) થી ૧૫/૦૮/૨૦૨૬ (રાતના ૧૨:૦૦ કલાક સુધી)**

જિલ્લા શિક્ષણાધિકારી

સુરત, જિ.સુરત

બિડાણઃ સંદર્ભદર્શિત પત્ર